# શિક્ષક, મોડેલ શિક્ષક અને રોલમોડેલ શિક્ષક

આ લેખમાં શિક્ષકના વિચાર, કાર્ય પદ્ધતિ અને મળતા પરિણામને આધારે તેના ત્રણ પ્રકાર પાડવામાં આવ્યા છે. અહી શિક્ષકના નકારાત્મક પાસાંને ધ્યાનમાં રાખી કોઈ પ્રકાર પાડવાનો પ્રયત્ન કર્યો નથી. શિક્ષક પોતાના વિચારો, કાર્ય પદ્ધતિ અને તેને કારણે મળતા પરિણામને આધારે સ્વમૂલ્યાંકન કરીને પોતાની જાતે જ નક્કી કરી શકશે કે પોતાનો સમાવેશ ક્યા પ્રકારમાં થાય છે. સાથે વાલીઓ અને વિદ્યાર્થીઓ પણ પોતાના શિક્ષકનું મૂલ્યાંકન કરી શકશે.
શિક્ષક બનવા માટે વ્યાવસાયિક ડીગ્રી – લાયકાત મેળવેલ છે તેમ માની લઈશું. સૌ પ્રથમ વાત કરીએ શિક્ષકની. જેને આપણે શિક્ષક કહીએ છીએ તે વર્ગખંડમાં જાય છે. વિદ્યાર્થીઓને શીખવે છે. આવા શિક્ષક શીખવવાને મહત્વ આપે છે, પરંતુ વિદ્યાર્થીઓ કેટલું શીખ્યા તેને મહત્વ આપતા નથી. પોતે સંભળાવવામાં માને છે, પણ સાંભળવામાં માનતા નથી. પોતાનો તાસ આવ્યો, સમયસર જવાનું, ભણાવવાનું અને તાસ પૂરો થાય એટલે ઘંટના ટકોરે બહાર નીકળી જવાનું. શાળામાં સમયસર આવે અને સમયસર બહાર નીકળે. પોતાને મળતી બધી જ રજાનો ઉપયોગ હક્કથી કરી લે. વિદ્યાર્થીઓ કે વાલી સાથે સંપર્ક રાખવામાં ઓછું માને છે. પોતાનું કામ ભણાવવાનું છે, તેને જ મહત્વ આપે છે, તે માટે પોતાની જાત પર ગૌરવ પણ લે છે, તે વિદ્યાર્થી સાથે વર્તમાન સમયને ધ્યાનમાં રાખીને જ કામ કરે છે..બીજા શિક્ષકો વધારાનું કામ કરે તો તેને પસંદ નથી હોતું. તે વિદ્યાર્થીઓને એકવાર સમજાવે છે. વિદ્યાર્થી સમજ્યા તો બરાબર છે. ના સમજે તો વિદ્યાર્થીઓનો વાંક. પરીક્ષામાં, મૂલ્યાંકનમાં પણ પોતાની વિચારધારાને પકડીને જ આગળ વધે છે. તે તટસ્થ જવાનું વધુ પસંદ કરે છે. આ રીતે જોતા તે નિષ્ઠા કરતા નિયમને વધુ પ્રાધાન્ય આપે છે. અન્ય વ્યક્તિ નોધ નાં લેતી હોય તો કામ કરવામાં ક્યારેક વેઠ પણ ઉતારે છે. આચાર્યની હાજરીમાં સારી સારી વાત કરીને તેમને પ્રિય બનવા પ્રયત્ન કરે છે. પોતાની કાર્યપદ્ધતિ જ યોગ્ય છે તેમ સમજવું અને અન્યને સમજાવવાનો પ્રયત્ન કરવો, તેમ કરીને પોતે સ્વાનંદ મેળવે છે. શાળા જેમ ચાલે છે તેમાં સહભાગી બની જાય છે.
મોડેલ શિક્ષક એટલે આદર્શ શિક્ષક. જેને આપણે સારો શિક્ષક પણ કહીએ છીએ. તે માત્ર શિક્ષક જ નહિ સારો શિક્ષક/આદર્શ શિક્ષક છે. જે પોતે જીવનભર શીખે છે અને શીખવે છે. તે વિદ્યાર્થી અને વાલીઓ સાથે મજબૂત સંબંધો બાંધે છે, વિદ્યાર્થી સાથે આત્મીયતાથી વર્તે છે. વર્ગમાં શીખવવા જાય ત્યારે પુરા દીલોદીમાગથી જાય છે. શીખવવાનું છે તે વિદ્યાર્થી નાં સમજે ત્યાં સુધી સમજાવવાનો પ્રયત્ન ચાલુ રાખે છે. કોઈપણ બાબતમાં વિદ્યાર્થીને અસંતોષ મળ્યો હોય તો રાત્રે ઊંઘી શકતો નથી. વર્ગમાં દરેક વિદ્યાર્થીની ખામીઓ અને ખૂબીઓ જાણે છે અને તે મુજબ વિદ્યાર્થી સાથે વર્તન કરે છે. તે વિદ્યાર્થીના ભવિષ્યને ધ્યાનમાં રાખીને શીખવે છે. તે વિદ્યાર્થી માટે સાચા અર્થમાં માર્ગદર્શક બની રહે છે. તેની ગેરહાજરીમાં પણ વિદ્યાર્થી કામ કરે છે. આદર્શ શિક્ષક વિદ્યાર્થી પર પૂરો ભરોસો મૂકે છે. તે પોતે જાણે છે કે વિદ્યાર્થીને શું શીખવવું અને શું ના શીખવવું. નબળા વિદ્યાથીઓ પર વધુ લાગણી રાખીને ક્યારેક પોતાના નિયમો પણ બદલે છે. તે વિદ્યાર્થીને પોતાનો બનાવીને પોતાનું ધાર્યું કરાવે છે.
વાત કરીએ રોલમોડેલ શિક્ષકની. રોલ મોડેલ એ એવી વ્યક્તિ છે જે આપણને મહાનતા માટે લડવાની, આપણી સંપૂર્ણ સંભાવના પ્રમાણે જીવવાની અને આપણી જાતમાં શ્રેષ્ઠ જોવાની પ્રેરણા આપે છે અને પ્રોત્સાહિત કરે છે. આપણા માટે રોલ મોડેલ તે છે જેની આપણે પ્રશંસા કરીએ છીએ અને તેનામાંથી કોઈ ચોક્કસ બાબતે આપણે પ્રેરણા લઈને તેમ કરવાનો પ્રયત્ન કરીએ છીએ. પછી તે વ્યક્તિ આપણી પરિચિત હોય કે ના પણ હોય. એક વ્યક્તિનું અન્ય લોકો દ્વારા અનુકરણ કરવામાં આવે છે.

કેટલાક શિક્ષક ઘણા વિદ્યાર્થીઓ માટે રોલ મોડેલ બની જતાં હોય છે. જેનો તેમને ઘણીવાર ખ્યાલ પણ હોતો નથી. વિદ્યાર્થીઓ રોલમોડેલ શિક્ષકની  હાજરી-ગેરહાજરી તેમજ તેમના દરેક વર્તનની નોધ લેતા હોય છે અને તેનું અનુકરણ કરવામાં આવે છે. રોલમોડેલ શિક્ષક માટે પ્રેરણાશ્રોત શિક્ષક એવું પણ કહી શકાય. કારણે કે, વિદ્યાર્થીઓ આવા શિક્ષકોમાંથી પ્રેરણા લેતા હોય છે. પછી ભલે તે શિક્ષકે કોઈ સૂચના આપી હોય કે નાં આપી હોય. અહી શિક્ષકની કોઈ એક કે એકથી વધુ બાબતો વિદ્યાર્થીઓને એટલી બધી પસંદ પડી જાય છે કે પછી વિદ્યાર્થી તેનું અનુકરણ કરવા લાગે છે. રોલમોડેલ શિક્ષકમાંથી વિદ્યાર્થીઓ જાતે જ પ્રેરણા મેળવીને જાતે જ વર્તન વ્યવહારમાં પરિવર્તન લાવે છે.

સારા રોલ મોડેલ બનવા માટે શિક્ષકો શું કરી શકે? દરરોજ સેંકડો આંખો પ્રત્યે જાગૃત થવું પડશે., શ્રેષ્ઠ પ્રયાસો કરવા પડશે. અલબત્ત, બધા શિક્ષકો પણ મનુષ્ય છે, તેથી તેમનાથી પણ ભૂલો થાય, તેનો સ્વીકાર કરો અને  આગળ વધો. તમારા વિદ્યાર્થીઓ તમારા માટે ક્ષમાશીલ જ હશે. સારા રોલ મોડેલ બનવાની એક રીત એ છે કે વિદ્યાર્થીઓને બતાવો કે તમે પણ તેમના જેવા જ વ્યક્તિ છો. તમારાથી પણ ભૂલો થઇ શકે છે. જો તમે આમ નહિ કરો તો તમારી આલોચના થશે અને તમે રોલમોડેલ નહિ બની શકો. ઉદાહરણ તરીકે, બોર્ડ પર કોઈ શબ્દની  ખોટી જોડણી લખવાથી કોઈ વિદ્યાર્થીની ટીકાત્મક ટિપ્પણી થઈ શકે છે, પરંતુ તમારી પ્રતિક્રિયા અગત્યનો ભાગ ભજવે છે. આ સમયે શિક્ષકે વિદ્યાર્થી સાથે  દલીલ કરવાની અથવા તેના પર વિચાર કરવાની જરૂર નથી, ફક્ત તેનો આભાર માનો, ભૂલ સ્વીકારો અને આગળ વધો. આમ કરવાથી તમે વિદ્યાર્થીની વધુ નજીક આવશો.

માત્ર શિક્ષક તરીકે જ કામ કરતી વ્યક્તિ કરતા આદર્શ શિક્ષક વધુ સારા છે અને આદર્શ શિક્ષક કરતા પ્રેરણાસ્રોત શિક્ષક વધુ સારા છે. આદર્શ શિક્ષક એક શિક્ષક તરીકે ઉચ્ચ છે જ, તેવા શિક્ષકો પોતાની નીતિમત્તા, પોતાના આદર્શોને પકડીને ચાલે છે. તે વિકટ પરિસ્થિતિમાં પણ પોતાના આદર્શોને છોડતા નથી.  જયારે રોલ મોડેલ એટલે કે પ્રેરણાસ્રોત બનેલા શિક્ષક સૌથી ઉચ્ચ પ્રકારના શિક્ષક છે. જેમનામાંથી પ્રેરણા લઈને વિદ્યાર્થીઓ શીખે છે અને કરે છે. પછી ભલેને તેમની હાજરી હોય કે ના હોય. જેમકે, સચિન તેડુંલકરમાંથી પ્રેરણા લઈને કોઈ ખેલાડી તેની જેમ ક્રિકેટ રમવાનું શીખે કે પોતાની ટેકનિકમાં પરિવર્તન લાવે. તે સચિનને માત્ર આદર્શ નથી માનતા, પણ સચિનને પ્રેરણાસ્રોતમાનીને તેના જેવું જ કરવાનો પ્રયત્ન કરે છે. આ રીતે સમાજમાં અનેક લોકોના અનેક લોકો રોલ મોડેલ હોય છે, જેમાંથી પ્રેરણા લઈને વ્યક્તિ આગળ વધે છે, પોતાની લાઈવ લાઈફમાં પરિવર્તન લાવે છે. આવા રોલ મોડેલ દરેકને દરેક ક્ષેત્રમાં મળતા જ હોય છે. જેમકે, કોઈ અભિનેતા કે અભિનેત્રી, સંગીતકાર કે ગાયક. ચિત્રકાર કે શિલ્પકાર, ડોક્ટર કે વકીલ. સુથારીકામ કે કડીયાકામ. ટૂંકમાં દરેક વ્યવસાયમાં કોઈને કોઈ વ્યક્તિને કોઈ રોલ મોડેલ તરીકે મળી જતાં હોય છે. તો પછી શિક્ષકના વ્યવસાયમાં પણ કોઈ શિક્ષક રોલમોડેલ તરીકે મળી આવે જ.

શિક્ષક તરીકેની કારકિર્દી દરમ્યાન જો કોઈ શિક્ષક કોઈ વિદ્યાર્થી માટે રોલ મોડેલ નાં બની શક્ય હોય તો સમજવું કે તે શિક્ષકે ભલે શૈક્ષણિક કાર્ય સારું કર્યું હોય, પરંતુ તે શ્રેષ્ઠતાને પામી શક્યો નથી. શિક્ષક તરીકે નિવૃત્તિની મજા ત્યારે જ આવે કે જયારે તમે કોઈના માટે રોલ મોડેલ બન્યા હોવ. આ બાબત  શિક્ષક તરીકે જ નહિ પણ એક માનવ તરીકે પણ જીવન જીવવાની મજા આપે છે. શિક્ષક તરીકે પગાર લીધો, સારું ભણાવ્યું તેના કરતાં શિક્ષક તરીકે કેટલા વિદ્યાર્થીઓનું જીવન બદલ્યું તે વધુ મહત્વનું છે. એવા ઘણા શિક્ષકો છે કે જેમના એક માત્ર શબ્દથી વિદ્યાર્થીએ પોતાના જીવનને તેમના ચરણોમાં ધરી દીધું હોય અને તે શિક્ષકે તેના જીવનનો રાહ બદલ્યો હોય. દરેક શિક્ષકે પોતાની જાતને પૂછવું જોઈએ કે, તેઓ કેટલા વિદ્યાર્થી માટે રોલમોડેલ બન્યા? નવા વર્ષમાં આ માટેનો પ્રયત્ન કરી શકાય.

**અશોકી** : મોટાભાગે વિદ્યાર્થી શિક્ષકને માન અને આદર આપે છે. તેનું કારણ ક્યારેક શિક્ષક કરતા વિદ્યાર્થી વધુ આદર્શ હોઈ શકે.